## ટ્યુશનનાં હાટડાં અને કોચિંગ કલાસ બેરોકટોક ધમધમે છે, શાળાઓ શરૂ કરવામાં વાંધો શું..??

હિંમતનગર તા.૨૨

કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે ધોરણ ૧૨ના વર્ગો શરૂ થયા છે. કોચીંગ ક્લાસ શરૂ કરવાની સરકારે ગાઈડલાઈન મુજબ છુટ આપી છે ત્યારે રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે ગત સોમવારે તમામ જિલ્લાના ડી.ઈ.ઓ.ને આવેદન પત્ર આપી ધોરણ ૯ થી ૧૧નું શિક્ષણ શાળામાં શરૂ કરવાની માંગ કરી છે. સરકાર શાળાઓ શરૂ કરવાનું નહિ વિચારે તો સ્વનિર્ભર શાળા સંચાલકો એકાદ બે દિવસમાં શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેતાં શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે. હવે વાલીઓ પણ બોલી રહ્યા છે કે ટ્યુશનનાં હાંટડા અને કોચીંગ ક્લાસ ધમધમતાં હોય તો શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં શિક્ષણ વિભાગને પેટમાં ક્યાં દુખે છે.

**ઉત્તર ગુજરાતમાં શાળાઓના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ સામે દિવસે દિવસે વધતી નારાજગી**

ઉત્તર ગુજરાતના ૪૭ તાલુકામાં કોરોનાના વધતા કહેરથી ગત તા.૨૫ માર્ચ ૨૦૨૦થી શાળાઓનું શૈક્ષણિક કાર્ય બંધ કરવામાં આવ્યું હતું. નવા સત્રનો આરંભ થયો ત્યારે પણ ઉત્તર ગુજરાત કોરોનાથી પ્રભાવિત રહેતાં વિદ્યાર્થીઓ વગર શાળાઓ ખુલી, પ્રવેશ પ્રક્રીયા પ્રથમ સપ્તાહમાં આટોપી લીધા પછી તા.૧૫ જુનથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું. સરકાર અને શિક્ષણ વિભાગની વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે માટેની જોગવાઈ સારી હતી પરંતુ વિદ્યાર્થીઓને ક્લાસરૂમમાં બેસીને જે શિક્ષણ મળે છે તે ઓનલાઈન શિક્ષણમાં ભાથું મળી શકતું નથી. શરૂઆતમાં ઓનલાઈન શિક્ષણના કારણે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ દેખાયો અને વિદ્યાર્થીઓ હોંશે હોંશે પોતાને ફાળવેલા ટાઈમ ટેલબ પ્રમાણે ઓનલાઈન શિક્ષણ મેળવવા ટીવી સામે બેસી જતા પરંતુ સમય જતાં હવે ઓનલાઈન શિક્ષણ વિદ્યાર્થીઓ માટે કંટાળારૂપ બન્યું છે. કેટલાક વિદ્યાર્થીઓ મોબાઈલ દ્વારા ઓનલાઈન શિક્ષણ મેળવતા થયા પરંતુ વાલી પોતાના સંતાનને મોબાઈલ આપ્યા પછી સંતાન ખરેખર ઓનલાઈન શિક્ષણ મેળવે છે કે અન્ય ગેમ રમે છે તેની ચકાસણી કરતાં બાળકો ઓનલાઈન અભ્યાસના બદલે ગેમ રમતાં જોવા મળ્યાં. જ્યારે ગુજરાત સહિત ઉત્તર ગુજરાતનું શિક્ષણ દાયકાઓ પછી પણ એટલું પરીપકવ નથી કે વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણને સ્વીકારી લે.

**ઉત્તર ગુજરાતના સ્વનિર્ભર શાળા સંચાલકોએ ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો શરૂ કરવા બાંયો ચઢાવી**

જેથી સરકારે કોરોનાનો કહેર અંકુશમાં આવ્યો છે. ધોરણ ૧૨નુ શિક્ષણ કાર્ય શાળામાં શરૂ થયું છે ત્યારે ધોરણ ૯ થી ૧૧ના વર્ગો ખોલવા માટે પણ ત્વરિત નિર્ણય લે તેવી સ્વનિર્ભર શાળા સંચાલકોએ માંગ કરી છે.

## ભેમાપુર ગામે બે પુત્રોના ઝગડામાં વચ્ચે પડેલી માતાને ઈજાઓ થતા સારવાર દરમિયાન મોત નિપજતાં ચકચાર

મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે એક મહિલાના બે પુત્રો અંદર-અંદર ઝગડો કરતા હોવાની સાથે ભાઈઓની બબાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પુત્રોના ઝગડાઓ અટકાવવા વચ્ચે પડેલ માતાને ક્રોધમાં અંધ બનેલ પુત્રએ લાકડીના ઘા ઝીંકતા માતા ઢળી પડતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડી સારવાર કરાવી ઘરે લાવતા હતા ત્યારે અચાનક માતાનું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી બે પુત્રોની બબાલમાં માતાનું મોત થતા લોકોએ બંને કપાતર પુત્રો સામે ફીટકાર વરસાવી હતી મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાને પીએમ માટે ખસેડી કાયદેસરની




કાર્યવાહી હાથધરી હતી.

ભેમાપુર ગામે પ્રતાપ રૂપાભાઈ કટારા અને ભરત રૂપાભાઈ કટારા નામના બંને ભાઈઓ અંદર અંદર ઝગડો કરતા હોવાથી ઘરમાં રહેલ માતા મોંઘી બહેને બંને ભાઈઓ વચ્ચે ઝગડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલા બંને ભાઈઓને અંદર-અંદર શું કામ બબાલ કરો છો શાંતિથી કેમ રહેતા નથી બને ભાઈઓના ઝગડો અટકાવવા વચ્ચે પડતા મોંઘીબેન કટારાના હાથે પ્રતાપ નામના પુત્રએ લાકડીના ફટકા મારતા વૃદ્ધ માતા ઈજાગ્રસ્ત થતા તાબડતોડ ભરતભાઈ અને અન્ય લોકો સારવાર કરાવવા દવાખાને ખસેડ્યા હતા સારવાર કરાવ્યા પછી અચાનક મહિલાનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી બે પુત્રોના ઝગડામાં મહિલા ઈજાગ્રસ્ત થતા મોતને ભેટી હોવાની જાણ મેઘરજ પોલીસને થતા તાબડતોડ ભેમાપુર ગામે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## બ્રહ્મસમાજનું ગૌરવ, બાયડ શહેર ભાજપા. ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ

બાયડ શહેર ભાજપા સંગઠન ઉપપ્રમુખ તરીકે વલ્લભનગર સોસાયટીના ચેરમેન, નિવૃત્ત ઉ.મા. શિક્ષક મહેશભાઈ હરીશંકર



ઉપાધ્યાયની પસંદગી થતાં બાયડ શહેર તથા તાલુકા બ્રહ્મસમાજમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## ગુરૂબીન જ્ઞાન ન ઉપજે, ગુરૂબીન મીટે ન ભેદ, ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા..

**કોરોનાના કારણે ભક્તોની ભીડ ઘટશે..! સાબરકાંઠા-અરવલ્લીમાં ગુરૂપુર્ણિમા પર્વની આસ્થા-ઉમંગ સાથે ઉજવણી થશે : આશ્રમ, દેવમંદિર સજ્જ, શનિવારે શિષ્યો ગુરૂ કંઠી બાંધવા ઉમટશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૨

આગામી શનિવારે ગુરૂપૂર્ણિમાના મહાન પર્વની આસ્થા-ઉમંગ સાથે ઉજવણી કરાશે. છેલ્લા સપ્તાહથી કોરોનાના ડર વચ્ચે અને ત્રીજી લહેરની વધેલી સંભાવનામાં ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણીના કારણે આશ્રમ, દેવમંદિરોમાં સજ્જ કરી દેવામાં આવ્યા છે. કોરોનાના કારણે દર્શન માટે શિષ્ય ભક્તોની ભીડ ઘટી શકે છે અનેક આશ્રમોમાં વ્હાલા શિષ્યોના આગમનને વધાવવા માટે મહાપ્રસાદ સહિતના ભોજનની સુવિધા ઉભી કરવામાં આવી છે.



ગુરૂબીન જ્ઞાન ન ઉપજે, ગુરૂબીન મીટે ન ભેદ..સંસારમાં રહીને અધ્યાત્મના ઉંડા રહસ્યો ઉકેલી જીવમાંથી શિવ બનવા ઉપરાંત આત્માની સાચી ઓળખ માટે આત્મજ્ઞાની ગુરૂઓનું માર્ગદર્શન મહત્વનું બની રહેતું હોય છે. ભારતીય સંસ્કૃતિમાં તો ગુરૂની મહત્તા બતાવતાં કહેવાયું છે કે ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વર આમ માનવીના જીવનમાં ફેલાયેલા અંધકારને ગુરૂ જ્ઞાનની જ્યોતથી દૂર કરવાની ચાવી આપી શરણે આવનારાઓને ભવસાગર પાર કરવાનો માર્ગ બતાવતા હોવાથી આદિકાળથી ગુરૂ પરંપરા ચાલી આવી હોવાથી ભાવપૂર્વક ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ઉજવણી થનારી છે. સાબરકાંઠા-અરવલ્લીમાં તા.૨૪ના રોજ ગુરૂપૂર્ણિમા પર્વની ભક્તિભાવ સાથે ઉજવણી કરાશે. જિલ્લાના બાયડનું ગાયત્રી શક્તિ પીઠ, સુંદરપુરામાં અયોધ્યાધામના સંતશ્રી કેશવદાસજી મહારાજના સાનિધ્યમાં રામજી મંદિર, વાત્રકના ધારેશ્વર મહાદેવના મહંત ગોપાલનાથજી (આદેશ)ના સાનિધ્યમાં, ડેમાઈનો વિષ્ણુધામ આશ્રમ, મોડાસા તાલુકાના પ્રસિદ્ધ બોલુન્દ્રાના શ્રી કૃષ્ણ આશ્રમ, સરડોઈના ગાયત્રી આશ્રમે પૂજ્ય પ્રધ્યુમન બાવજીના આશ્રમે તેમજ ગુરૂદત્ત આશ્રમમાં, ગોધમજીમાં જેસીંગ બાવજીનો આશ્રમ, મુનાઈમાં નાથુરામ બાવજીનો આશ્રમ તેમજ શામળાજી ગાયત્રી શક્તિ પીઠ ખાતે ગુરૂ પૂર્ણિમાનો ઉત્સવ કોવીડ ગાઈડ લાઈન મુજબ ઉજવાશે. બેરણામાં ગાયત્રી ઉપાસક મહેન્દ્રભાઈ ઉપાધ્યાય, મોટીઈસરોલમાં પૂજ્ય હીરાદાદા, મોડાસાના સાલમપુર નજીકના શ્રીમદ મોહનરામ બાપા આશ્રમ સહિત તખતગઢ ખાતે બજરંગદાસ બાપાની મઢુલીએ બાપા સીતારામના હજારો ભક્તો ગુરૂપુર્ણિમાના દિવસે દર્શન માટે અધીરા થયા છે.



## પ્રદેશ બક્ષીપંચ મોરચા અધ્યક્ષની ઉપસ્થિતિમા અરવલ્લી જિલ્લા ભાજપા બક્ષીપંચ મોરચાનું સંમેલન યોજાયું

બાયડ તા.૨૧

અરવલ્લીજિલ્લા ભાજપા બક્ષીપંચ મોરચા નુંસંમેલનના પ્રદેશ પક્ષી મોરચાના અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ ની ઉપસ્થિતિમાં યોજાઈ ગયું પ્રારંભે જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી રાજેન્દ્ર ભાઈ પટેલ અને જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખ સુરેશભાઈ ઠાકોરે સૌને આવકાર્યા હતા. પ્રદેશ બક્ષીપંચ મોરચા મહામંત્રી શ્રી મયંકભાઈ નાયક, જિલ્લા પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈ, સહ પ્રભારી શ્રી ગીરીશભાઈ જગાણિયા દ્વારા પ્રાસંગિક પ્રવચનો કરાયા હતા. આ પ્રસંગે જિલ્લા ના બક્ષીપંચ સમાજો પૈકી ના વિવિધ સમાજો દ્વારા પ્રદેશ મોરચા અધ્યક્ષ શ્રી ને મોમેન્ટો સાથે અભિવાદન કરાયું હતું.



આ સમેલનમાં અરવલ્લી જિલ્લાના મહામંત્રી શ્રી ભીખાજી ઠાકોર, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ ભોઈ, જિલ્લા સંગઠનના ઉપ પ્રમુખ સુ.શ્રી વનિતાબેન પટેલ, જિલ્લા પૂર્વ પ્રમુખ શ્રી રણવીરસિંહ ડાભી, જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રભારી શ્રી રાજુભાઈ પંચાલ, જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી શ્રી આશિષ જએસ્વાલ, શ્રી રંગુસિંહ પરમાર, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા, શ્રીમતિ ભીખીબેન પરમાર, શ્રી ભીખુસિંહ પરમાર, શ્રી અદેસિંહ ચૌહાંણ, શ્રી પી.સી. બરંડા, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ જલ્પાબેન ભાવસાર, જિલ્લા-તાલુકા પંચાયત પ્રમુખ-ઉપપ્રમુખો તેમજ વિવિધ સમીતિઓના ચેરમેનો અને આગેવાનો મંચસ્થ ઉપસ્થીત રહ્યા હતા.

બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી ઉદયભાઈ કાનગડે જણાવાયું કે રાષ્ટ્ર પ્રથમ, જે રાષ્ટ્રનું ગૌરવ કરીએ છીએ એ રાષ્ટ્રના આપણે સંતાન છીએ, એ આપણું ગૌરવ છે.આ દેશ જ્યારે વિશ્વમાં મજબૂત થતો જાય છે તેમ વિદેશી તાકાતો દેશને તોડવાની હીન પ્રવૃત્તિ કરે છે, આ દેશનો સપૂત કે જેની તરફ સમગ્ર વિશ્વની મીટ છે એવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નું રાષ્ટ્ર માટે સમર્પિત જીવન આપણા સૌના માટે પ્રેરણા, ઉર્જા અને શક્તિ આપનારૂ છે.

આપણે સતત જનતાની સેવામાં કાર્યરત રહીએ અને "સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ" એને ચરિતાર્થ કરીએ, મોડાસા ખાતે આજ રોજ યોજાયેલ અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચાના તમામ ૬ તાલુકાઓ અને બે શહેર એમ કુલ ૮ મંડલોના કાર્યકર્તાઓથી ભરચક હોલ માં સંબોધન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા મહામંત્રી શ્રી હસમુખભાઈ પટેલ અને મોડાસા શહેર ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ શ્રોફ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે અંતમાં આભાર વિધિ જિલ્લા મહામંત્રી શ્રી ભીખાજી ઠાકોરે કરી કાર્યક્રમ નું સમાપન કરાયું હતું.





## પ્રાંતિજ જુના બજારમાં એક દુકાનમાં આગ લાગી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વ્હોરવાડ જુના બજારમા આવેલ મોબાઈલ અને ઈલેક્ટ્રોનિકની દુકાનમા આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. તો આગમાં દુકાનમાં રહેલ બધો સરસામાન બળીને સ્વાહા થઈ ગયો. પ્રાંતિજના વ્હોરવાડ ખાતે આવેલ જુના બજારમા આવેલ સરફરાજ ઓડિયો નામની મોબાઈલ અને ઈલેક્ટ્રોનિકની દુકાનમા શોટસકીટને લઈને આગ લાગતા ભાગદોડ મચી જવા પામી હતી તો આગ લાગતા પ્રાંતિજ-હિંમતનગર ફાયર બ્રિગેડ ટીમને જાણ કરતા પ્રાંતિજ-હિંમતનગર ફાયર બ્રિગેડ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી તો આગે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા દુકાનમાં રહેલ ઈલેક્ટ્રોનિકનો સરસામાન સહિત મોબાઈલ એસેસરીઝ સહિત કોમ્પ્યુટર સહિતનો સરસામાન આગમા ભથ્થુ થઈ ગયો હતો. તો પ્રાંતિજ હિંમતનગર દોડીઆવેલ ફાયર ટીમ દ્વારા દુકાનમા લાગેલ આગ હોલવી હતી તો દુકાન માલિકને અંદાજે પાંચ લાખથી વધારે નુકસાન થયુ હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

## ઉ.ગુજરાતની જીવાદોરી ધરોઈ ડેમમાં ૫૯૮ ફૂટ પાણીનો જથ્થો ઉપલબ્ધ

મહેસાણા જિલ્લામાં આવેલો ધરોઈ ડેમ ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓના અનેક ગામો અને શહેરોને પીવાનું પાણી પૂરું પાડે છે. ધરોઈ ડેમમાં ચાલુ વર્ષે પાણીની આવક થઈ નથી પરંતુ હજુ પણ ડેમમાં ૫૯૮ ફૂટ પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી લોકોને પીવાનું પાણી તેમજ ઘર વપરાશનું પાણી મળી રહેશે, પરંતુ પિયત માટે પાણીનો જથ્થો નહિવત હોવાના કારણે મહેસાણા જિલ્લાના ખેડૂતોના માથે ચિંતન વાદળો ઘેરાયા છે.

## બાયડ શહેર ભાજપા સંગઠન મંત્રી તરીકે કકો પટેલની નિયુક્તિ

બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નં. ૫ માં નજીવા મતથી ચૂંટણી હારવા છતાં કકો ઉર્ફે હેમંત પટેલ લોક હૃદયમાં



છવાયા હતા. તાજેતરમાં બાયડ શહેર ભા.જ.પા. સંગઠનની નવી ટીમની રચના થતાં કકો પટેલની સંગઠન મંત્રી તરીકે પસંદગી થતાં બાયડ ગામ, યુવાનોમાં વ્યાપક ખુશાલી જોવા મળી.

જિલ્લા ભાજપા સંગઠન દ્વારા ૮ મંડલમાં ખાલી રહેલી સંગઠન હોદ્દેદારોની ખાલી જગ્યા ઉપર નિષ્ઠાવાન કાર્યકોરને પસંદ કરવામાં આવી રહ્યા છે. બાયડ શહેરમાં ભા.જ.પા. સંગઠન વધુ મજબૂત બને તે માટે ઘનશ્યામભાઈ જી. પટેલ (દાદા)ની પ્રમુખ તરીકે નિયુક્તિ પછી અન્ય હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી છે. કોઈની પણ ધાક-ધમકીને વશ ન થાય તેવા કાર્યકરોને સંગઠનમાં તક મળતાં કોંગ્રેસ છાવણીમાં હલચલ મચી ગઈ છે. મંત્રી તરીકે કકો (હેમંત) જશુભાઈ પટેલની નિયુક્તિ થતાં બાયડ ગામ તથા શહેરમાં દિપાવલી જેવો માહોલ જોવા મળ્યો છે.



રણાસણ હાઈસ્કૂલના હોલમાં વીર મેઘમાયા સેવા ટ્રસ્ટની મીટીંગ યોજાઈ ગઈ. એજન્ડા મુજબ તમામ બાબતોની ચર્ચા કરી સર્વાનુમતે પ્રમુખ-ઉપપ્રમુખ તથા અન્ય હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી. પ્રમુખ સુતરીયા માવજીભાઈની તથા ઉપપ્રમુખ વણકર મુળજીભાઈ (મોટા ચેખલા)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી. કાર્યક્રમ મુજબ કોરોના મહામારીમાં સદ્ગત પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. કાર્યક્રમ મુજબ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## કુદરત રૂઠી : સાબરકાંઠા-અરવલ્લીમાં વરસાદની અછતથી બિયારણ નિષ્ફળ જવાનો ભય

**૨૬ જુલાઈ સુધી સારા વરસાદની આગાહી ઉપર ખેડૂતોની આશા**

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લીમાં ખેડૂતો ઉપર કુદરત રૂઠી છે. એક પખવાડીયાથી પણ વધુ સમયથી વરસાદની અછતથી હવે કેટલાક વિસ્તારોમાં બિયારણ નિષ્ફળ જવાનો ભય ઉભો થયો છે. તા. ૨૬ જુલાઈ સુધી ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી ઉપર જિલ્લાના ખેડૂતોની મીટ મંડાઈ છે.

કોરોનાની ઉપાધીમાંથી માંડ બેઠા થયેલ જિલ્લાના ખેડૂતોએ ચોમાસાની જમાવટ થતાં ૧૪ તાલુકામાં વાવણીકાર્ય હાથ ધર્યુ હતુ. વાવણી થયા પછી જૂન મહીના તથા જુલાઈ મહીનાના પ્રથમ સપ્તાહમાં ખેતીને સામાન્ય જીવતદાન આપતો વરસાદ વરસ્યો હતો પરંતુ ત્યારબાદ ગરમી-બફારાનું પ્રમાણ વધ્યુ અને વરસાદની દેખીતી અછતથી ચોમાસુ ખેતી ઉપર સંકટ મંડરાયુ છે. છેલ્લા ૪ દિવસથી વાદળો ઘેરાયા પછી ક્યાંક ઝરમરીયો વરસાદ વરસે છે પછી વાદળ વિખેરાઈ જતાં ઉનાળા જેવો આકરો તાપ શરૂ થાય છે. જો વરસાદ વધુ ખેંચાશે તો હજારો હેક્ટર જમીનમાં થયેલ વાવણી નિષ્ફળ જઈ શકે છે. કેટલાક ખેડૂતો દ્વારા સિંચાઈના પાણીથી નિષ્ફળ જતી ખેતીને બચાવી લેવાના મરણીયા પ્રયાસ શરૂ થયા છે. પરંતુ જે ખેડૂતો પાસે સિંચાઈની સવલત નથી તેવા ખેડૂતોની માઠી દશા બેઠી છે. અનેક ખેડૂતો વ્યાજે પૈસા લાવી બિયારણ-ખાતર લાવ્યા જિલ્લાના અનેક ખેડૂતો સારા ચોમાસાની અપેક્ષા સાથે વ્યાજે કે ઉછીના પૈસા લાવી મોઘુ દાટ ખાતર-બિયારણ લાવી વાવણીકાર્ય સંપન્ન કરેલુ પરંતુ વરસાદ ખેંચાતા બિયારણ નિષ્ફળ જાય તો ખેડૂતો પાયમાલ બની શકે છે.

## આશ્ચર્ય : જિલ્લામાં ઓછો વરસાદ છતાં પાણીજન્ય રોગચાળો વકર્યો

**દવાખાનામાં દર્દીઓની ભીડ, ઉકાળેલુ પાણી પીવા સલાહ**

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગત વર્ષ કરતાં ઓછો વરસાદ વરસ્યો છે છતાં છેલ્લા એક સપ્તાહમાં પાણીજન્ય રોગચાળામાં ઉછાળો આવ્યો છે. દવાખાનામાં પાણીજન્ય રોગચાળાના પીડીત દર્દીઓની ભીડ જોવા મળી છે.

દર ચોમાસા દરમ્યાન મચ્છરજન્ય તથા પાણીજન્ય રોગચાળો વકરતો હોય છે. આરોગ્યતંત્ર કુંભકર્ણની નિદ્રામાં હોય તે રીતે મચ્છરોના ઉપદ્રવને ઉગતો ડામવાના દર્શનીય પ્રયાસ કર્યા નથી જેથી ગામે ગામ બંધીયાર વરસાદી તથા ગંદા પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને હવે પાણીજન્ય રોગાચાળાએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં માથુ ઉંચકતા દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

જે રીતે પાણીજન્ય રોગચાળો ઓછા વરસાદમાં પણ વકર્યો છે તેથી અનેક ડૉક્ટરો આશ્ચર્ય વ્યક્ત કરતા જોવા મળ્યા. આવનારા દિવસોમાં પ્રજા સાવધાની નહી રાખે તો પાણીજન્ય રોગચાળો વધુ બેકાબુ બનવાની દહેશત સેવાય છે.

## લીલોતરી : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં લીલુ ઘાસ આરોગ્યા પછી પશુઓ બિમાર

**દૂધ ઉત્પાદન શક્તિ ઘટી**

બાયડ, તા. ૨૨

સાબરકાંઠા-અરવલ્લીમાં ચોમાસા દરમ્યાન વરસેલા વરસાદથી ધરતી ઉપર કુદરતી લીલી ચાદર પથરાઈ છે. પરંતુ લીલુ ઘાસ આરોગ્યા પછી અનેક મુંગા પશુઓને ફોક (ઝાડા) થઈ જતાં પશુપાલકોની ચિંતા વધી છે. પશુઓ બિમાર થતાં દૂધ ઉત્પાદન શક્તિને અસર થઈ રહી છે.

ચોમાસુ સાથે રોગને લઈને આવે છે જેથી ખાણી-પીણીમાં સંયમ ન રાખવામાં આવે તો બિમાર થવાની સંભાવના વધુ હોય છે. અત્યારે ગૌચર તથા રોડ સાઈડે ચોમાસાના કારણે લીલુ ઘાસ ઉગી નિકળ્યુ છે. પશુપાલકો, માલધારીઓ મુંગા પશુઓને ખુલ્લામાં ચરવા લઈ જાય છે જ્યાં લીલા ઘાસ સાથે માટી પણ આરોગી જાય છે જેથી મુંગા પશુઓમાં ફોકનું પ્રમાણ વધ્યુ છે. આવા પશુઓના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ પણ વધ્યુ છે. ત્યારે પશુ ચિકિત્સકો એ પણ મુંગા પશુઓને લીલુ ઘાસ ખવડાવવુ હોય તો પાણીથી સ્વચ્છ કરીને આપવા સલાહ આપી છે.